# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે આસામ, કેરળ, પુડુચેરી અને તમિલનાડુ વિધાનસભા ચૂંટણી એક તબક્કામાં, જ્યારે પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં યોજાશે.
2. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે દેશભરમાં LPG વિતરકો પાસે ગેસ પુરવઠાની કોઈ અછત નથી.
3. સરકારે 2027 ના પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો આમંત્રિત કરી છે. નામાંકન માટેની અંતિમ તારીખ 31 જુલાઈ છે.
4. નેપાળના ગોરખા જિલ્લામાં થયેલા બસ અકસ્માતમાં સાત ભારતીય યાત્રાળુઓના મોત થયા અને અનેક લોકો ઘાયલ થયા.
5. રશિયન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ રાજધાની મોસ્કો તરફ આગળ વધી રહેલા 28 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા છે.

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ELECTION COMMISSION - ASSEMBLY ELECTIONS

ચૂંટણી પંચે આજે જાહેરાત કરી છે કે આસામ, કેરળ, પુડુચેરી અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી એક જ તબક્કામાં યોજાશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં યોજાશે. ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે આજે દિલ્હીમાં જણાવ્યું હતું કે આસામ, કેરળ અને પુડુચેરીમાં 9 એપ્રિલે મતદાન થશે. તમિલનાડુમાં મતદાન 23 એપ્રિલે થશે. પશ્ચિમ બંગાળમાં મતદાન 23 અને 29 એપ્રિલે થશે. પશ્ચિમ બંગાળમાં, પ્રથમ તબક્કામાં 152 વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થશે, જ્યારે બીજા તબક્કામાં 142 વિધાનસભા મતવિસ્તારોમાં મતદાન થશે. ચારેય રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં મતગણતરી 4 મેના રોજ થશે. શ્રી કુમારે જણાવ્યું હતું કે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે, આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આદર્શ આચારસંહિતા તાત્કાલિક અમલમાં આવી ગઈ છે.

BYTE : GYANESH---POLLING-NUIMBERS

સામાન્ય ચુંટણીઓની સાથે સાથે ગોવા, ગુજરાત, નાગાલેંડ, ત્રિપુરા માં ખાલી પડેલી એક એક બેઠક જયારે કર્ણાટક અને મહારાસ્ટ્રમાં ખાલી

પડેલી બે બે બેઠકોની પેટા ચુંટણી પણ યોજશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ

VOICE CAST : AJAY INDREKAR

મુખ્ય ચુંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે પાંચ વિધાનસભાઓમાં 824 મતવિસ્તારો માટે યોજાનારી ચૂંટણીમાં આશરે 17 કરોડ 40 લાખ લોકો મતદાન કરવા માટે લાયક છે. આમાં પશ્ચિમ બંગાળમાં આશરે 6 કરોડ 44 લાખ , તમિલનાડુમાં 5 કરોડ 67 લાખ , કેરળમાં 2 કરોડ 70 લાખ , આસામમાં અઢી કરોડ અને પુડુચેરીમાં 9 લાખ 44 હજાર મતદારોનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ 2 લાખ 19 હજાર મતદાન મથકો હશે અને કુલ 25 લાખ ચૂંટણી કર્મચારીઓ ચુંટણીમાં ફરજ બજાવશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે દરેક મતદાન મથક પર પીવાનું પાણી, શૌચાલય અને સાઇનબોર્ડ જેવી ઓછામાં ઓછી સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે તાજેતરમાં ચૂંટણી પંચે ચૂંટણીને વધુ પારદર્શક બનાવવા માટે 30 નવી પહેલ કરી છે. દરેક મતદાન મથક પર વધુમાં વધુ 1 હજાર 200 મતદારો મતદાન કરી શકશે. બધા મતદાન મથકો પર દેખરેખ માટે 100% વેબકાસ્ટિંગ હશે. અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ

# UMRETH BYE ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક માટે આગામી 23 એપ્રિલે ગુરુવારે પેટા-ચૂંટણી યોજાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આગામી 30 માર્ચે પેટા-ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. જ્યારે છ એપ્રિલ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે અને સાત એપ્રિલે ઉમેદવારીપત્રની ચકાસણી થશે. જ્યારે આગામી ચાર મે-ના રોજ મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું તાજેતરમાં અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે

# MINISTRY OF PETROLEUM - STATEMENT

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે દેશભરમાં LPG વિતરકો પાસે ગેસ પુરવઠાની કોઈ અછત નથી. એક નિવેદનમાં, મંત્રાલયે નોંધ્યું છે કે LPG બુકિંગમાં ઘટાડો થયો છે. ગઈકાલે આશરે 77 લાખ બુકિંગ નોંધાયા હતા, જે આ મહિનાની 13મી તારીખે આશરે 88 લાખ હતા.

મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે વાણિજ્યિક LPG સિલિન્ડર રાજ્ય સરકારોને વિતરણ માટે સોંપવામાં આવ્યા છે અને હવે તે ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. મંત્રાલયે નાગરિકોને ગભરાટમાં ખરીદી ન કરવાની સલાહ આપી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે દેશભરમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પાઇપ નેચરલ ગેસ (PNG) અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) બંને કનેક્શન ધરાવતા ઘરોને તાત્કાલિક અસરથી તેમના LPG કનેક્શન પરત કરવાનો નિર્દેશ આપ્યો છે.

# PRIME MINISTER'S LETTER - BIRLA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સંસદમાં ઊંડો વિશ્વાસ છે અને દેશના સંસદીય લોકશાહીના નિયમો અને પરંપરાઓમાં તેમને અતૂટ વિશ્વાસ છે.

શ્રી બિરલાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને લખેલા પત્રના જવાબમાં આ નિવેદન આપ્યું હતું. લોકસભા અધ્યક્ષે કહ્યું કે પ્રધાનમંત્રીનો પત્ર જાહેર સેવાના ઉચ્ચતમ નૈતિક મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે જે શ્રી મોદીએ તેમના લાંબા જાહેર જીવન દરમિયાન જાળવી રાખ્યા છે. શ્રી મોદીએ તેમના પત્રમાં લોકસભા અધ્યક્ષ સામેના અવિશ્વાસ પ્રસ્તાવને નકારી કાઢવા બદલ સાંસદોને અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે લોકશાહીમાં મતભેદો સ્વાભાવિક છે. અભિપ્રાયની વિવિધતા જ લોકશાહીને જીવંત બનાવે છે. શ્રી મોદીએ કહ્યું કે આ પરિસ્થિતિઓમાં શ્રી બિરલા દ્વારા દર્શાવવામાં આવેલ સંયમ, સંતુલન અને નિષ્પક્ષતા પ્રશંસનીય છે.

# MANDAVIYA JUNAGADH VISIT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જુનાગઢ પ્રવાસ દરમિયાન ઘેડ વિસ્તાર માટે રકમ મંજૂર કરવા બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો છે. તેમણે ઘેડ પંથકની કાયમી સમસ્યાનો ઉકેલ લાવવાના કામની પણ તેમણે સમીક્ષા કરી.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)

શ્રી માંડવિયાએ જુનાગઢના બાંટવામાં નવનિર્મિત નગરપાલિકા ભવન, બગીચા અને ઍમ્બ્યુલેન્સ સેવાનું લોકાર્પણ તેમજ માણાવદર અને કેશોદ વિધાનસભાના આઠ કરોડ 43 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું. સાથે જ તેમણે માંગરોળ તાલુકાના ફૂલરામા-ઘેડ અને મેખડી ગામમાં નદી ઉંડી કરવા ચાલી રહેલા કામનું પણ નિરીક્ષણ કર્યું.

# NOMINATIONS FOR PADMA AWARDS

સરકારે 2027 ના પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો આમંત્રિત કરી છે. એક નિવેદનમાં, ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે પદ્મ પુરસ્કારોની જાહેરાત આવતા વર્ષે પ્રજાસત્તાક દિવસે કરવામાં આવશે. નામાંકન માટેની અંતિમ તારીખ 31 જુલાઈ છે. પદ્મ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા જ ઓનલાઈન સ્વીકારવામાં આવશે.

સરકારે તમામ નાગરિકોને સ્વ-નામાંકન સહિત નામાંકન અથવા ભલામણો મોકલવા વિનંતી કરી છે. પદ્મ પુરસ્કારો - પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી - દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. 1954 માં સ્થાપિત, આ પુરસ્કારો વિશિષ્ટ સેવાને માન્યતા આપવા માટે આપવામાં આવે છે. આ પુરસ્કારો કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, દવા, સમાજ સેવા, વિજ્ઞાન અને ઇજનેરી, જાહેર બાબતો, નાગરિક સેવા અને વ્યવસાય અને ઉદ્યોગ સહિત તમામ ક્ષેત્રોમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ માટે આપવામાં આવે છે.

# NEPAL - ROAD ACCIDENT

નેપાળના ગોરખા જિલ્લામાં ગઈકાલે સાંજે થયેલી બસ અકસ્માતમાં સાત ભારતીય યાત્રાળુઓના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બસમાં સોળ લોકો સવાર હતા, જેમાં મનકામના મંદિરથી પરત ફરી રહેલા ચૌદ ભારતીય યાત્રાળુઓનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું હતું કે મૃતકોમાં બે મહિલાઓ અને પાંચ પુરુષોનો સમાવેશ થાય છે. ઘાયલોની સારવાર ચાલી રહી છે.

# JAMMU AND KASHMIR - TERRORIST KILLED

બારામુલ્લા જિલ્લાના ઉરી સેક્ટરમાં ભારતીય સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસે કરેલા સંયુક્ત ઓપરેશનમાં આજે એક પાકિસ્તાની આતંકવાદી ઠાર મરાયો હતો. સેનાએ જણાવ્યું હતું કે શનિવાર અને રવિવારની રાત્રે બુચ્છર વિસ્તારમાં નિયંત્રણ રેખા નજીક ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો.

સુરક્ષા દળો દ્વારા પડકારવામાં આવતા, આતંકવાદીએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. ત્યારબાદ થયેલી અથડામણમાં આતંકવાદી ઠાર મરાયો હતો. સુરક્ષા દળોએ સ્થળ પરથી એકે રાઇફલ, સહિત દારૂગોળો પણ જપ્ત કર્યો હતો.

# SUPREME COURT-GANGA

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને ગંગા નદીના કિનારા અને પૂરના મેદાનો પર ગેરકાયદેસર બાંધકામો અંગે વિગતવાર અહેવાલ રજૂ કરવા અને અતિક્રમણ દૂર કરવા માટે લેવામાં આવેલા પગલાંની માહિતી આપવાનો નિર્દેશ આપ્યો છે.

અદાલતે કેન્દ્ર સરકારને ગંગાના પુનર્જીવન, રક્ષણ અને વ્યવસ્થાપન અંગેના જાહેરનામાના અમલીકરણ માટે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાંની માહિતી પ્રદાન કરવા પણ કહ્યું છે. વધુમાં, સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટતા પણ માંગી છે કે સંબંધિત અધિકારીઓ અદાલત પાસેથી સૂચનાને અસરકારક રીતે લાગુ કરવા અને નદીના કિનારા અને પૂરના મેદાનોને અતિક્રમણથી સંપૂર્ણપણે મુક્ત કરવા માટે કયા નિર્દેશો માંગે છે. સર્વોચ્ચ અદાલતે પટણાના રહેવાસી દ્વારા 30 જૂન, 2020 ના રોજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી.

# RUSSIA-UKRAINE ATTACK

રશિયન હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ આજે રાજધાની મોસ્કો તરફ આગળ વધી રહેલા 28 યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા હતા. શહેરના મેયર, સેરગેઈ સોબ્યાનિને, સોશિયલ મીડિયા સંદેશમાં આ જાહેરાત કરી હતી. જોકે, મેયરે જમીન પર થયેલા નુકસાન કે જાનહાનિ વિશે કોઈ વિગતો આપી ન હતી. રશિયાએ મોસ્કો તરફ લક્ષ્ય રાખતા 16 યુક્રેનિયન ડ્રોનને અટકાવ્યાના એક દિવસ પછી આ ઘટના બની હતી. રશિયાની નાગરિક ઉડ્ડયન એજન્સીએ જાહેરાત કરી હતી કે રાજધાનીના દક્ષિણપશ્ચિમ અને ઉત્તરપશ્ચિમમાં સ્થિત વનુકોવો અને શેરેમેટ્યેવો આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર કામગીરી ડ્રોન હુમલાને કારણે સ્થગિત કરવામાં આવી છે.

ગઈકાલે શરૂઆતમાં, ડ્રોન હુમલાને કારણે મોસ્કોના ચાર મુખ્ય વિમાનીમથકો - વનુકોવો, ડોમોડેડોવો અને ઝુકોવ્સ્કી - પર ઉડાનો ઘણા કલાકો સુધી સ્થગિત કરવામાં આવી હતી.

# LADAKH - SNOWFALL

ભારે હિમવર્ષાને કારણે છ દિવસ સુધી બંધ રહ્યા બાદ લદ્દાખમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 1 પર ઝોજી લા પાસ પર ટ્રાફિક ફરી શરૂ થયો છે. રસ્તાનું સમારકામ કર્યા પછી અધિકારીઓએ સોનમર્ગથી લદ્દાખ સુધી વાહનોની અવરજવરને મંજૂરી આપી છે